# ડીસાના ટેટોડા ગામ પાસે અકસ્માત : ૯ના મોત

ડીસા, તા. ૩

ડીસા તાલુકાના ટેટોડા ગામ પાસે ગત રાત્રીએ એક ગમખ્વાર અકસ્માતમાં નવ લોકો મોતને ભેટેલ શ્રમજીવી પરિવારના સભ્યો એક જીપડાલામાં સવાર થઈ મામેરૂ લઈ રાજસ્થાનના અચલપુર ગામે જવા રવાના થયા હતા. રવાના થયેલા સાંજે પરત ફરી રહ્યા હતા ત્યારે ધાનેરાથી ડીસા જતા રોડ પર રાત્રીના અઢી વાગ્યા આસપાસ ટેટોડા ગામ પાસેના હાઈવે રોડના હતો. અને જીપડાલુ મુસાફરો સાથે પુલની રેલીંગ તોડી નીચે ખાબક્યુ હતું. જ્યારે ટેન્કર પણ પુલ નીચે પલટી ખાઈ ગયું હતું. જો કે અર્થે ડીસાની સરકારી હોસ્પિટલમાં રવાના કર્યા હતા.

જે બાદ આ ઘટનાની ડીસા તાલુકા પોલીસને જાણ પી.આઈ. ઘાયલ લોકોને શહેરની વિવિધ ખાનગી હોસ્પિટલોમાં સારવાર અર્થે ખસેડાયા છે. આ ગમખ્વાર અકસ્માતમાં રમેશભાઈ પુનમાજી તમામ રહે ટેટોડા તાલુકાઓ-ડીસા વાળાઓના કરૂણ મોત થયેલ છે. જ્યારે આ મામલે સવાર ઘાયલ મુસાફર કરનજી ભેરાજી ઠાકોરે શકે તેવી પરમિટ ધરાવતી જીપ હતી. જેનો ઉપયોગ મોટર વિહ્કલ એક્ટ મુજબ મુસાફરોને લઈ જવા કે મુકવા કરી શકાતો નથી, તેમ છતાં



(તસવીર : કાંતિલાલ લોધા, ડીસા)





છે. આ ઘટનાની મળતી વિગતો જોઈએ તો ડીસા તાલુકાના ટેટોડા અને પેચડાલ ગામે રહેતા કેટલાક આ પરિવારજનોમાં મહિલા અને પુરૂષો સહીત અંદાજીત ૨૦ થી વધુ માણસો હતા. જેઓ મામેરૂ પતાવી પુલિયા પાસે સામેથી આવતા ટેન્કર સાથે આ જીપ ડાલુ ડાકાભેર અથડાતા ગોજારો અકસ્માત થયો ધસમસતા ટેન્કરની જોરદાર ટક્કર મારતા જીપ હવામાં ફંગોળાઈ હતી અને રાત્રી સમયે મુસાફરોની મોતની ચિચિયારિઓથી સમગ્ર હાઈવે પંથક ગુંજી ઉઠ્યો હતો. જે બાદ આસપાસના લોકો ઘટના સ્થળે દોડી આવ્યા હતા અને રાહત અને મદદ પહોંચાડી ખાનગી સાધનો અને ૧૦૮ મારફતે ઘાયલોને જીપમાંથી બહાર કાઢી સારવાર આર.એમ. ભદોરિયા અને તેમની ટીમ રાહત અને બચાવ માટે પહોંચી હતી. અને મુખ્ય હાઈવે પરના ચક્કાજામ રસ્તાથી કંટ્રોલ કરી ઘાયલોને ડીસાની સરકારી હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડ્યા હતા. આ ગોજારા અકસ્માતમાં કુલ ૯ના મોત થયેલ છે. જેમાં ચાર મહિલા અને પાંચ પુરૂષોનો સમાવેશ થાય છે. આ અકસ્માતમાં ઠાકોર, કાળાભાઈ ધનાભાઈ કોળી બન્ને પેછાદાલ તાલુકો-ડીસા, ઉમેદભાઈ જીવાભાઈ શ્રીમાળી, દેવુબેન ઓખાભાઈ શ્રીમાળી, પરમેશ્વરીબેન લાલભાઈ શ્રીમાળી, સતીબેન ભોપાભાઈ શ્રીમાળી, મુળીબેન ઉમેદભાઈ શ્રીમાળી, ઓખાભાઈ જીવાભાઈ શ્રીમાળી, ભોપાભાઈ જીવાભાઈ શ્રીમાળી ફરિયાદ આપતા ડીસા તાલુકા પોલીસે ટેન્કર નંબર જીજે-૬.વી.વી.૬૬૨૮ના ચાલક વિરૂદ્ધ ગુનો દાખલ કરેલ છે જેની હાલ ડીસા તાલુકા પોલીસે તપાસ હાથ ધરેલ છે.

આ અકસ્માતમાં જે જીપ મુસાફરોને લઈ આવતી હતી તે જીપ માત્ર માલ-સામાન હેરફેર કરી આ જીપના ચાલકે ભાડુ મેળવી રૂપિયા મેળવવાની લાયમાં ૨૦ થી વધુ મુસાફરોને જીપમાં ભરી આ જોખમી મુસાફરી કરી હતી. તો વળી આ ચાલક રાજસ્થાનથી જીપ લઈ આવ્યો ત્યારે નશામાં હોવાનું પણ સુત્રોએ જણાવેલ છે તેથી માની શકાય કે આવા જ કોઈ કારણોસર આ અકસ્માત થયો હશે.

## પ્રાંતિજના બોરિયા પ્રાથમિક શાળાના શિક્ષિકા વય નિવૃત્ત થતા વિદાય સમારોહ યોજાયો



(તસવીર : સંજય રાવલ, પ્રાંતિજ)

પ્રાંતિજ, તા.૩

તાલુકાના બોરિયા પ્રાથમિક શાળામાં ફરજ બજાવતા શિક્ષિકાનો વિદાય સમારોહ યોજવામાં આવ્યો હતો. મોટી સંખ્યામાં શિક્ષક ગણ, વિદ્યાર્થીઓ અને ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતાં.

નેશનલ હાઈવે નં. ૮ પર આવેલ તાજપુર કૂઈ પાસેના બોરિયા ગામની પ્રાથમિક શાળામાં ફરજ બજાવતા શિક્ષિકાનો વિદાય સમારોહ યોજાયો હતો. બોરિયા આદર્શ પ્રાથમિક શાળામાં ૧૪ વર્ષથી ફરજ બજાવતા સુશીલાબેન પટેલ વય મર્યાદાના કારણે નિવૃત્ત થતા શાળામાં વિદાય સમારંભ યોજવામાં આવ્યો હતો.

સમારોહમાં શાળા પરિવાર અને ગ્રામજનો દ્વારા મોમન્ટો આપી સન્માન કર્યું હતું. આ પ્રસંગે સુશીલાબેને જણાવ્યું હતું કે આ શાળામાં વિદ્યાર્થીઓની સાથે સાથે હું પણ ઘણું બધું શિખી છું. અહીના વિદ્યાર્થીઓએ મને ખુબ પ્રેમ આપ્યો છે ત્યારે હું આ શાળા અને ગામને હંમેશા યાદ રાખીશ. આ પ્રસંગે શાળા પરિવાર, વિદ્યાર્થીઓ અને ગ્રામજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતાં.

## પોશીના તાલુકાના ગામોમાં હેન્ડપંપ બંધ હોવાથી પાણીના પોકાર

### ધોમધખતા તાપમાં નદી-નાળા સુકાવા લાગતા લોકો તથા પશુઓની પીવાના પાણીની ગંભીર સમસ્યા

ખેડબ્રહ્મા, તા. ૩

પોશીના તાલુકાના દેલવાડા આજુબાજુના ગામોમાં ધોમધખતા તાપમાં નદી-નાળા સુકાવા લાગતા અને મોટાભાગના હેન્ડપંપ બંધ હાલતમાં હોવાથી લોકો અને પશુઓ માટે પીવાના પાણીના પોકાર પડવા લાગ્યા છે અને પાણી માટે લોકોને રજળપાટ કરવાનો વારો આવ્યો છે. બંધ હેન્ડપંપ સત્વરે ચાલુ કરવામાં આવે તેવી આ ગામોના લોકોમાં ઉગ્ર માંગ ઉઠવા પામી છે.

પોશીના તાલુકાના દેલવાડા-છોછર ગામના પ્રકાશભાઈ વ્યાસ તથા પોપટભાઈ ગમાર સહીત અન્યના જણાવ્યા અનુસાર દેલવાડા સહીત આજુબાજુના ગામો દાંતીયા-ઉબરવા-ગુણભાંખરી-સેબલીયા(પો) અંબાસર ગામોમાં પાણી પુરવઠા દ્વારા લોકોને પીવાના પાણી માટે હેન્ડપંપની સુવિધા ઉપલબ્ધ કરાવવામાં આવી છે. પણ આ ગામોમાં હેન્ડપંપ ઘણા લાંબા સમયથી બંધ હાલતમાં છે. પોશીનાનો આદિવાસી વિસ્તાર પથરાળ અને ઢોળાવવાળો હોવાથી પાણીના સંગ્રહની શક્યતા નહીવત હોવાથી ઉનાળાની શરૂઆતમા 'જ નદી-નાળા સુકાવા લાગે છે. આ ગામોમાં હેન્ડપંપની સુવિધા તો છે પણ તંત્રના આગોતરા આયોજન અને મરામત થતુ નથી તેથી હેન્ડપંપ શોભાના ગાંઠીયા સમાન બની રહ્યા છે. આ ગામોના મોટાભાગના હેન્ડપંપ સત્વરે ચાલુ કરવામાં આવે તેવી લોકોમાં માંગ ઉઠવા પામી છે.

## ખેડબ્રહ્માના રામેશ્વર નગરના રહીશો ગંદકીથી ભારે પરેશાન



(તસવીર : રમેશ વૈષ્ણવ, ખેડબ્રહ્મા)

ખેડબ્રહ્મા, તા.૩

ખેડબ્રહ્મા શહેરના વાસણા માર્ગ પર આવેલ રામેશ્વર નગર વિસ્તારમાં ભૂગર્ભ ગટરના કામકાજ બાદ કોન્ટ્રાકટર દ્વારા પુરાણ કે લેવલ કર્યા વગર જ માર્ગ બનાવી દેતા ઠેર ઠેર પાણી ભરાઈ રહેતા કાદવ કિચડ અને ગંદકી થઈ રહી છે. પરિણામે રહીશો અને રાહદારીઓના નાકે દમ આવી ગયો છે ત્યારે મુશ્કેલી ઘટે તેવી માંગ કરી રહ્યા છે.

પ્રાપ્ત માહિતી અનુસાર ખેડબ્રહ્મા શહેરના વાસણા માર્ગ પર રામેશ્વર નગર વિસ્તાર આવેલ છે. જયાં થોડા દિવસ અગાઉ તંત્ર દ્વારા માર્ગ ઉપર ભૂગર્ભ ગટરનું કામ ચાલુ હતું તે કામ પૂર્ણ થતા જવાબદાર કોન્ટ્રાકટર દ્વારા માર્ગ પર કોઈ પણ જાતનું પુરાણ કે લેવલ કર્યા વગર આર.સી.સી. માર્ગ બનાવી દેવામાં આવ્યો છે. આથી આ સમગ્ર માર્ગ પર ઠેર ઠેર પાણીના ખાબોચીયા ભરાઈ જાય છે. આથી કાદવ અને ગંદકીને કારણે રહીશોને નાક દબાવી રોડ પર ચાલવાનો વારો આવ્યો છે. આથી રહીશો ભારે તોબા પોકારી ઉઠયા છે અને આ મુશ્કેલીમાં ઘટાડો કરી યોગ્ય માર્ગ બનાવવામાં આવે તેવી માંગ સ્થાનિકો કરી રહ્યા છે.

## ભિલોડા તાલુકાના કિશનગઢ ગામનો એક બાળક ગુમ

ભિલોડા, તા.૩

અરવલ્લી જીલ્લાના ભિલોડા તાલુકાના કિશનગઢ ગામનો એક બાળક અગમ્ય કારણોસર ગુમ થઈ જતાં ચકચાર મચી જવા પામી છે. ભિલોડા તાલુકાના કિશનગઢ ગામના ખેડુત હરીશભાઈ જીવાભાઈ સડાતનો પુત્ર વિપુલકુમાર હરીશભાઈ સડાત, ઉંમર.વર્ષ-૧૨ છે.વેજપુર પ્રાથમીક શાળામાં ધોરણ.૬ માં અભ્યાસ કરતો હતો પરંતુ અગમ્ય કારણોસર વિપુલકુમાર સડાત ગુમ થઈ જતાં પરીવારજનોએ ભારે શોધખોળના ચક્રો ગતિમાન કર્યા હોવા છતાં આજ દિન સુધી બાળકનો કોઈ પત્તો મળતો નથી. કિશનગઢ ગામના ખેડુત હરીશભાઈ જીવાભાઈ સડાતનો પુત્ર વિપુલકુમાર સડાત ગુમ થયેલ સંદર્ભે પરીવારજનો, સગાં-સબંધીઓ ઠેર-ઠેર શોધખોળ કરી રહ્યા છે.

## ગોકુળ ગામનું બિરૂદ મળેલ ગામડાઓની કફોડી હાલત : પાયાની સુવિધાથી વંચિત

મહેસાણા, તા.૩

મહેસાણા જિલ્લામાં કેટલાક વર્ષો પૂર્વ લગભગ તમામ ગામોને ગોકુળ ગ્રામ યોજના હેઠળ ગોકુળ ગામ તરીકેનું બિરૂદ મળ્યું હતું. પરંતુ ખાટલે મોટી ખોટ એ છે કે આઝાદીના વર્ષો વીતી જવા છતાં હજી સુધી જિલ્લાના કેટલાક ગામોમાં પુરુષ અને મહિલાઓ માટે જાહેર શૌચાલયોની જરૂરી પ્રાથમિક સગવડ ઉપલબ્ધ થઈ શકી નથી. પરિણામે ઘર આંગણે આ સગવડથી વંચિત એવા અસંખ્ય લોકો આજે પણ નિત્ય ક્રમ માટે ભારે પરેશાની ભોગવી રહ્યા છે.

ગામડાઓમાં ખાસ કરીને શ્રીમંત તેમજ કેટલાક મધ્યમવર્ગના લોકોએ ઘર આગળ સંડાશની સગવડ કરેલ છે. જયારે કેટલાક ગરીબ અને મધ્યમ વર્ગના માણસો આજ દિન સુધી સંડાશ બનાવી શકયા નથી. જેની પાછળનું કારણ મોલ્લા, શેરીઓ અને રહેણાંકના મકાન આગળ જમીન/ખુલ્લી જગ્યાનો અભાવ કારણભૂત મનાય છે.

એક બાજુ સરકાર, રાજકીય નેતાઓ, આગેવાનો, ગ્રામ પંચાયતના સરપંચો, સદસ્યો મહિલા ઉત્કર્ષની વાતો કરે છે. પરંતુ ગામડાઓમાં મહિલાઓ માટે જાહેર શૌચાલયોની જરૂરી સગવડ ઉભી કરવામાં સ્થાનિક તંત્રો નિષ્ફળ નિવડયા છે.

અગાઉ નિર્મળ ગુજરાત અંતર્ગત સ્વચ્છતા અભિયાન ચલાવવામાં આવ્યું હતું. પરંતુ તેનો અસરકારક રીતે અમલ થયો ન હતો. હાલ કેટલાય ગામોમાં નિયમિત સફાઈ થતી નથી. પરિણામે ગામમાં કચરાના ઢગ જોવા મળે છે. જિલ્લાના કેટલાય ગામોમાં જાહેર શૌચાલયોની સગવડના અભાવે લોકોને નિત્યક્રમ માટે ભારે હાડમારી વેઠવી પડે છે. સરકારી ખુલ્લી તેમજ પડતર જમીનો પૈકી મોટાભાગની જમીનો પર ગેરકાયદેસરના કાચા પાકા દબાણો થયા છે. તેમજ કબજાઓ થયા છે. પરિણામે ગરીબ વર્ગના લોકોને નિત્યક્રમ માટેની સરકારી ખુલ્લી જમીનો રહી નથી. આવા સરકારી તેમજ ગામઠાણની જમીનો પર આડેધડ રીતે દબાણો થયેલા છે. જેને દૂર કરવા તેમજ વધતા જતા દબાણોને અટકાવવા માટે લાગતા વળગતા તંત્રોએ આ દિશામાં ગંભીરતા પૂર્વક વિચારી ગરીબ અને મધ્યમવર્ગના લોકોને જાહેર શૌચાલયોની જરુરી સગવડ મળી રહે તે માટે તાકીદે યોગ્ય કરવું જોઈએ તેવો લોકમત છે.

## મહેસાણામાં કથિત ભ્રષ્ટાચારની બદીને નાથવા જિલ્લા એ.સી.બી. તંત્ર નિષ્ફળ પ્રજામાં રોષ

મહેસાણા, તા. ૩

મહેસાણા જિલ્લામાં કથિત ભ્રષ્ટાચાર અને લાંચરૂશ્વતની વકરેલી બદીને અટકાવવામાં લાંચ રૂશ્વત વિરોધી ખાતાનું તંત્ર નિસ્ક્રિય રહેતાં પ્રજામાં તંત્રની કામગીરી અંગે સંદેહ પેદા થયો છે.

આમ જનતામાં ચર્ચાતી વાતો મુજબ મહેસાણા જિલ્લાના કેટલાક સરકારી તંત્રો મહેસૂલ, પોલીસ, રજીસ્ટ્રાર, માર્ગ મકાન સબ રજીસ્ટ્રાર, સીટી સર્વે, પંચાયત, શિક્ષણ, ઉદ્યોગકેન્દ્ર, આર.ટી.ઓ., વેચાણવેરા યાને વેટ ચેરીટી કચેરી, ખાણ ખનીજ વગેરેમાં ભ્રષ્ટાચાર અને લાંચ રૂશ્વતની બદી વકરી ગઈ છે. જિલ્લા અને તાલુકા કક્ષાની કેટલીક સરકારી કચેરીઓ, તંત્રોમાં કેટલાંક ભ્રષ્ટ અધિકારીઓ અને કર્મચારીઓ ભ્રષ્ટ રીત રસમો અજમાવીને લગતા કામમાં રીતસર ગેરકાયદે નાણાં (રૂશ્વત) લેતા અને કર્મચારીઓ સીધી યા આડકતરી રીતે (વચેટીયા, દલાલ, એજન્ટ) મારફતે લાંચ રૂશ્વત લેવામાં લેશમાત્ર ડર અનુભવતા નથી તેવું કહેવાય છે.

મહેસાણા જિલ્લામાં લાંચ રૂશ્વત વિરોધી શાખા છેલ્લા ઘણા વર્ગોથી કાર્યરત છે. ભૂતકાળમાં આ કચેરીના કેટલાક અધિકારીઓએ લાંચ અંગેના સફળ છટકા ગોઠવીને જિલ્લાની વિવિધ કચેરીઓ, પોલીસ મથકોના વર્ગ-૧ થી ૪ સુધીના ભ્રષ્ટ અધિકારીઓ, કર્મચારીઓને પકડી પાડી સફળ કામગીરી કરી હતી. પરંતુ છેલ્લા કેટલાક વખતથી લાંચ રૂશ્વત વિરોધી બ્યુરોની કામગીરી નબળી રહેતા જિલ્લાની જનતામાં અધિકારીઓની કામગીરી સામે શંકા કુશંકાઓ જાગી છે. જિલ્લામાં છેલ્લા બે વર્ષ દરમિયાન લાંચ રૂશ્વતને લગતા જૂજ કેસો થયા છે. જેમાં મોટાભાગે નાના કર્મચારીઓ જ પકડાયા છે. જ્યારે વર્ગ-૧, ૨ ના કહેવાતા ભ્રષ્ટ અધિકારીઓને કોઈ આંચ આવી નથી તેવુ ચર્ચાય છે. આવી સ્થિતિને લીધે એ.સી.બી.ની કામગીરી પ્રત્યે લોકોમાં સંદેહ પેદા થયો છે. ભ્રષ્ટાચારને પરિણામે ભ્રષ્ટ તત્વોને મોકળુ મેદાન મળી ગયું છે. એ.સી.બી.ના અધિકારીઓ દ્વારા જિલ્લાની કેટલીક સરકારી કચેરીઓમાં ખાનગી રાહે તપાસ થાય યા છટકુ ગોઠવાય તો ભ્રષ્ટતત્વો હાથમાં આવી જાય તેમ છે.


આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...

સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટ્ઝ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી

એક્સક્લુસિવ શો-રૂમ

AGL TILES WORLD Radhe ENTERPRISE

પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧



ગાંધીનગરવાસીઓના અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય

મોર્ડન મોટર્સ

પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેક્ટર-૨૮, ગાંધીનગર

ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૨૬૨૨૯૧

સુવિધાઓ

● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ)
● સરકાર માન્યતા પ્રાપ્ત ● અદ્યતન વર્કશોપ, બોડીકામ,
● વાહનોનું રીપેરીંગ કામઅ મોટો ઈલેક્ટ્રીક કામ
● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ

EXIDE બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર

કેસ્ટ્રોલ ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર

પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન